રાંધેજાના ખેતરમાં જંગલી બિલાડીનુ બચ્ચુ મળી આવતા ગ્રામજનો ચોંકી ઉઠયા

દિપડા જેવા જંગલી કેટના બચ્ચાને આખરે ધરોઈના જંગલમાં છોડી દેવાયુ : ભુતકાળમાં જંગલી કેટ ગાંધીનગરમાં પણ જોવા મળતી હતી

ગાંધીનગર તા ૨૮

રાંધેજાના ખેતરમાંથી બિલાડીના બચ્ચા જેવુ અજાણ્યુ પ્રાણી મળી આવતા ગ્રામજનો ચોંકી ઉઠયા હતા. પ્રાથમિક દ્રષ્ટીએ દિપડાનુ બચ્ચુ માની બેઠેલા ગ્રામજનો ભડકયા હતા. જો કે વન તંત્રના અધિકારીઓ સ્થળ પર આવીને આ જંગલી બિલાડીનુ બચ્ચુ હોવાની જાણ કરતા સ્થાનિક રહીશોએ રાહતનો શ્વાસ લીધો હતો. જંગલી બિલાડીના આ બચ્ચાને ધરોઈના જંગલમાં છોડી દેવામાં આવ્યુ હતુ.

રાંધેજાના ખેતરમાં ગઈકાલે બિલાડીના બચ્ચા જેવુ અજાણ્યા પ્રાણીએ દેતા ગ્રામજનો ચોંકી ઉઠયા હતા. વનતંત્રના અધિકારીએ આ અજાણ્યા બચ્ચાને ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનમાં લઈ જવાની દરખાસ્ત કરી હતી. આ દરમિયાન ધરોઈના રેન્જ ફોરેસ્ટ ઓફિસર આવતા તેમણે આ જંગલી બિલાડીનુ બચ્ચુ હોવાનુ સ્પષ્ટ કર્યુ હતુ. ત્યારબાદ આ બચ્ચાને પ્રાણી સંગ્રાહલયમાં કેદ કરવાના બદલે જંગલમાં છોડી દેવાનો અભિપ્રાય આપ્યો હતો. જેના ભાગરૂપે ધરોઈના રેન્જ ફોરેસ્ટ ઓફિસર મળી આવેલા બચ્ચાને ધરોઈના જંગલમાં છોડી દેવા માટે લઈ ગયા હતા. બિલાડીકુળનુ આ સુંદર મજાનુ પ્રાણી મળી આવતા એકબાજુ પ્રકૃતિ પ્રેમીઓમાં ખુશાલી જોવા મળી હતી. ગાંધીનગર નર્મદા કેનાલની આસપાસના વિસ્તારમાં જંગલી કેટ ઘણી બધી માત્રામાં જોવા મળે છે. જયારે નદીના કોતર વિસ્તાર તેમજ અરણ્ય ઉદ્યાનની આસપાસ જંગલી કેટનો વસવાટ હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. ભુતકાળમાં જંગલી કેટ ગાંધીનગર શેહરી વિસ્તારમાં પણ જોવા મળતી હતી. પરંતુ વધતી વસ્તી અને વિકાસની સાથે સિમેન્ટ કોંક્રેટના જંગલોની સાથે માર્ગ વચાળેના ડિવાઈડર અસ્તિત્વમાં આવતા ધીમે ધીમે જંગલી કેટનુ વિચરણ થયુ છે.

કૈલાસ-માનસરોવરના યાત્રીઓનું સન્માન

ગાંધીનગરના ૧૭ શ્રદ્ધાળુઓ કૈલાસ-માનસરોવરની પવિત્ર યાત્રા સફળ રીતે પૂર્ણ કરીને હેમખેમ પરત ફર્યા છે. આ તમામ યાત્રીઓનું સે. ૨૧ના વૈજનાથ મહાદેવના પટાંગણમાં સન્માન કરવામાં આવ્યું હતું. સન્માન સમારોહ બાદ તમામ શ્રદ્ધાળુઓએ મંદિરના ટ્રસ્ટીઓ સાથે ભોજન-પ્રસાદ ગ્રહણ કર્યો હતો.

કલ્ચરલ સ્કૂલ્સના તાલીમ વર્ગો માટે પ્રવેશ પ્રક્રિયા આરંભાઈ

૨ જુલાઈ સુધી ફોર્મ ભરી શકાશે બીજા સપ્તાહથી વર્ગોનો શુભારંભ

સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અને પ્રશિક્ષણ દ્વારા ગાંધીનગરની આવનારી પેઢીમાં સંસ્કાર સિંચન માટે પ્રયત્નશીલ ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા મ્યુઝિક, પર્સનાલિટી ડેવલોપમેન્ટ, અભિનય, ડ્રોઈંગ-પેઈન્ટીંગ અને ડાન્સના અભ્યાસ વર્ગો આગામી મહિનાથી શરૂ થઈ રહ્યા છે. આ માટે પ્રવેશ ફોર્મ ભરવાની છેલ્લી તા. ૨ જુલાઈને શનિવાર છે.

ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા છેલ્લા બે વર્ષથી કલ્ચરલ સ્કૂલ ઑફ ડાન્સ, સ્કૂલ ઑફ મ્યુઝિક, સ્કૂલ ઑફ પર્સનાલિટી ડેવલોપમેન્ટ, સ્કૂલ ફૉફ એક્ટિંગ અને સ્કૂલ ઑફ ડ્રોઈંગ એન્ડ પેઈન્ટીંગ અંતર્ગત સર્ટિફિકેટ કોર્સનું સંચાલન કરાય છે. આ અભ્યાસક્રમો અંતર્ગત સર્વ શ્રી નિમેષ દેસાઈ, અર્ચન ત્રિવેદી, જિતેન્દ્ર ઠક્કર, પ્રફુલ્લ ભાવસાર, બિરેન પુરોહિત, અનંત ભાસ્કર મેનન, શીતલ મકવાણા, કુલદીપ શુક્લ જેવા વિવિધ ક્ષેત્રોના ગુજરાતના ખ્યાતનામ તજજ્ઞો ગાંધીનગરના યુવાનો ને શ્રેષ્ઠ તાલીમ આપશે.

આગામી જુલાઈ માસના બીજા સપ્તાહથી શરૂ થઈ રહેલા આ અભ્યાસક્રમો માટેના પ્રવેશ ફોર્મ ગાંધીનગર કલ્ચરલ ફોરમના કાર્યાલય, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી મેળવીને છેલ્લી તારીખ- ૨ જુલાઈ ૨૦૧૬ ને શનિવાર સુધીમાં પહોંચાડવા અખબારી યાદીમાં જણાવાયું છે.

વરસાદ ખેંચાતા જિલ્લાના ખેડૂતો ચિંતાતુર

હજુ સુધી ૧૫ ટકા વિસ્તારમાં જ વાવણી થઈ છે : તંત્રએ પણ આકસ્મિક પાક-આયોજન તૈયાર કરી દીધુ

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લામાં વરસાદ ખેંચાતા જગતનો તાત ચિંતાતુર બન્યો છે. આકાશી ખેતી પર આધાર રાખતા ખેડૂતનું મન હજુ વાવણી માટે લાગતુ નથી અને માત્ર ૧૫ ટકા વિસ્તારમાં જ ખરીફ સિઝનનું વાવેતર થયું છે.

ગાંધીનગર જિલ્લામાં વરસાદ જે રીતે ખેંચાયો છે તેને કારણે ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે. ગાંધીનગર, માણસા અને દહેગામ તેમજ કલોલ તાલુકામાં છુટો છવાયો હળવો વરસાદ નોંધાયો છે. સામાન્યતઃ ૧લી જુન સુધીમાં વાવણીલાયક વરસાદ થઈ જતો હોય છે પરંતુ આ વખતે વાવણીલાયક વરસાદ હજુ થયો નથી.

જિલ્લામાં ખરીફ ઋતુમાં ૧,૬૦,૦૦૦ હેક્ટર વિસ્તારમાં વાવેતર થતુ હોય છે તેની સામે અત્યાર સુધીમાં માત્ર ૨૦ હજાર હેક્ટર વિસ્તારમાં વાવેતર થવા પામ્યુ છે.

વરસાદ ખેંચાતાં તંત્રએ પણ આકસ્મિક પાક આયોજન તૈયાર કરી દીધુ છે અને એકાદ સપ્તાહ પછી તેના અમલ માટે આગળ વધવા ખેડૂતોને માર્ગદર્શન આપવામાં આવશે તેમ મનાઈ રહ્યું છે.

જિલ્લામાં વરસાદના અભાવે જમીનમાં ભેજ તત્વ પણ જોવા મળતુ નથી. જે વાવેતર થયુ છે તેમાં પિયતની સુવિધા ધરાવતો વિસ્તાર મોટો હોવાનું જણાયુ છે. આ ઉપરાંત આ વખતે ખેડૂતો કપાસની પરંપરાગત ખેતી કરતાં મગફળીના પાકના વાવેતર માટે વધુ ઉત્સાહીત હતા પરંતુ જે રીતે વરસાદ ખેંચાયો છે તેનાથી તેઓ ચિંતાતુર બન્યા છે.

જિલ્લામાં આ વખતે વરસાદ ખેંચાતાં પાછોતરો વરસાદ સારો આવશે તેવુ પણ ખેડૂતો માની રહ્યા છે. જો કે વરસાદ નહિ હોવાને કારણે ખેડૂતોએ પુનઃ વાવણીનું કામ સ્થગિત કરી દીધુ છે. જિલ્લામાં વરસાદની ખેંચને કારણે જળસ્ત્રોતો પર પણ વિપરીત અસરો પડવાની સંભાવના વધુ છે.

૨૦ ટકા વીજકર માફ કરવાની માંગ સાથે આજે અમદાવાદમાં કોંગ્રેસની મહારેલી

અમદાવાદ, તા. ૨૮

'અચ્છે દિન'ના વાયદા 'બહુત હુઈ મહંગાઈ કી માર... અબકી બાર..' જેવા રૂપાળા સૂત્રોથી સત્તા મેળવનાર ભાજપ સરકારે ૧૨૫ કરોડ દેશવાસીઓ અને ગુજરાતના ૬ કરોડ નાગરિકોને મોંઘવારીના એક પછી એક માર આપીને ગરીબ-સામાન્ય-મધ્યમવર્ગના પરિવાર માટે જીવન દુષ્કર બનાવી દીધુ છે. ત્યારે ભાજપ સરકારની બેજવાબદારી નિતી, સંગ્રાહખોરી-જમાખોરીને પ્રોત્સાહન આપવાની નિતીની સામે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ ભરતસિંહ સોલંકી, વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા શંકરસિંહ વાઘેલા સહિતના આગેવાનો મોંઘવારી વિરૂદ્ધના જનઆંદોલનના ભાગરૂપે તા. ૨૯મી જૂન બુધવારે બપોરે ૩.૩૦ કલાકે કોચરબ આશ્રમ, પાલડીથી જે.પી. ચોક, ખાનપુર ખાતે ઊંટગાડી, બળદગાડુ, સાયકલ સહિત પદયાત્રાઓ રેલી સ્વરૂપે મોટી સંખ્યામાં જોડાશે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી અને પ્રવક્તા નિશીત વ્યાસે જણાવ્યુ હતુ કે મોંઘવારી વિરૂદ્ધ કોંગ્રેસ પક્ષ દ્વારા રાજ્યના ૩૩ જિલ્લા અને ૮ મહાનગરોમાં તા. ૨૩મી જૂનથી ૨૯મી જૂન સુધીના રાજ્યવ્યાપી કાર્યક્રમો કરવામાં આવ્યા હતા. સમગ્ર દેશમાં ગુજરાતમાં વીજળી સૌથી વધુ મોંઘી છે કારણ કે ગુજરાતમાં ૨૦ ટકા વીજકર ભાજપ સરકાર વસુલી રહી છે. મધ્યપ્રદેશ, રાજસ્થાન જેવા રાજ્યોમાં વીજકર શૂન્ય છે. સરકારી વીજકંપનીઓ પણ આ લૂંટલીલામાં સામેલ છે. ખાનગી વીજકંપનીઓ વીજબીલમાં સમય અવધિ પહેલા બીલ ભરનાર ગ્રાહકને વળતર આપતા હતા તે વળતર સંપૂર્ણ બંધ કરી દીધુ છે. ભાજપ સરકાર-વીજકંપનીઓની સાંઠગાંઠથી ગુજરાતના વીજગ્રાહકોને લૂંટવામાં આવે છે.

એક તરફ જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓના બેફામ ભાવ, કાળા બજાર, સંગ્રહખોરો બેખોફને લીધે દાળ, ચોખા સહિતની ચીજવસ્તુઓ થાળીમાંથી ગાયબ થઈ ગઈ છે. ભાજપ સરકારે પેટ્રોલ-ડીઝલ પર લેવાતા વેટમાં ૧ ટકા અને સેસમાં ૨ ટકાનો વધારો અને ડીઝલ પરના વેટના દર ૩ ટકા વધારીને મોંઘવારીનો માર ગુજરાતીઓને આપવાનુંચાલુ રાખ્યુંછે. સમગ્ર દેશમાં ગુજરાતની ભાજપ સરકાર પેટ્રોલ-ડીઝલ પર સૌથી વધુ વેટ વસૂલે છે અને પરિણામે ગુજરાતના નાગરિકો મોંઘવારીનો બોગ બની રહ્યાં છે.

રાજ્યમાં વીજળી સૌથી મોંઘી છે જેને લીધે ઘરવપરાશ, ખેડૂતો અને નાના-મધ્યમ કદના એકમો ભોગ બની રહ્યા છે. ભાજપ સરકારના પાપે ગુજરાતમાં શિક્ષણ અતિ મોંઘુ થયું છે. આરોગ્ય સેવા અતિ મોંઘી બની છે. દેશમાં એક માત્ર ગુજરાત એવું રાજ્ય છે કે જ્યાં ખાતરમાં ૪ ટકા જેટલો વેટ વસુલાય છે. બિયારણના કાળા બજાર અને મોંઘી વીજળી, જંતુનાશક દવાઓને લીધે ખેડૂતોને આપઘાત કરવો પડે તેવી પરિસ્થિતિનું નિર્માણ કર્યું છે.

સેક્ટર-૧ સમદર્શન આશ્રમ, એમ.પી.ચૌધરી ચેરીટેબલ ટ્રસ્ટ તથા ગાંધીનગર એજ્યુકેશન ફાઉન્ડેશન સે-૨૨ના સંયુકત ઉપક્રમે ચામુંડાપુરા પ્રાથમિક શાળા અને સર્વોદય પ્રાથમિક શાળામાં શૈક્ષણિક કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. કોલવડા ગામની બંને શાળાના વિદ્યાર્થીઓને ૯૦ નંગ દફતર, ૨૦૦ નંગ ચોપડા, ૧૧૦ બોલપેન, ૨૫ નંગ કલર, કંપાસ બોક્ષ, પેન્સિલ, બ્બર અને સંચા સહિતની શૈક્ષણિક સામગ્રીનું વિતરણ કરાયું હતું. આ વિતરણ કાર્યક્રમમાં સમદર્શન ટ્રસ્ટના સાધક લાલભાઈ પટેલ, એમ.પી. ચૌધરી ચેરીટેબલ ટ્રસ્ટના ડાહ્યાભાઈ ચૌધરી આચાર્ય, શિક્ષકો તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતાં.

જુલાઈમાં ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ માટે પુરક પરીક્ષા

ગાંધીનગર તા ૨૮

ગુજરાત ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી જુલાઈના પ્રથમ સપ્તાહથી ધોરણ ૧૦ તેમજ ૧૨ વિજ્ઞાન અને સામાન્ય પ્રવાહની પુરક પરીક્ષા લેવાશે જિલ્લા શિક્ષણતંત્ર દ્વારા પુરક પરીક્ષાને અનુલક્ષી જરૂરી તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.

ગુજરાત ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગત માર્ચ મહીનામાં લેવાયેલી ધોરણ ૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષાના ગત મહીના દરમિયાન પરિણામ જાહેર કરવામાં આવ્યા હતા. જયારે આગામી જુલાઈ મહીનામાં બોર્ડ દ્વારા પુરક પરીક્ષાનુ આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં તા ૭ થી ૯ જુલાઈ દરમિયાન ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહની પરિક્ષા લેવાશે જેમાં ૧૦૦ ગુણના પ્રશ્નપત્રમાં ૫૦ ગુણની પરિક્ષા ઓ એમ આર પધ્ધિત મુજબ લેવાશે.

પરીક્ષાનો સમય સવાર અને સાંજનો રહેશે.જયારે તા ૧૦ જુલાઈના રોજ સામાન્ય પ્રવાહની પરિક્ષા લેવાશે. બોર્ડની પુરક પરિક્ષાના આયોજનને અનુલક્ષી જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા પણ પરીક્ષા સ્થળો નક્કી કરવા સહીતની પરીક્ષાલક્ષી આનુસંગિક કામગીરી હાથ ધરવામાં આવી છે.

સ્થાનિક સ્વરાજ્યની સામાન્ય પેટા ચૂંટણીમાં ભાજપા પાંચ બેઠકો પર બિનહરીફ

ગાંધીનગર, તા. ૨૮

આજરોજ નગરપાલિકાની સામાન્ય ચૂંટણી, નગરપાલિકાની પેટા ચૂંટણી, તાલુકા પંચાયતની પેટા ચૂંટણીમાં ફોર્મ પરત ખેંચવાના અંતિમ દિવસે ભાજપાએ નગરપાલિકાની ૩ બેઠકો અને તાલુકા પંચાયતની ૨ બેઠકો એમ કુલ ૫ બેઠકો બિનહરીફ પ્રાપ્ત કરી છે. એમ પ્રદેશ ભાજપના પ્રવક્તા ભરત પંડ્યાએ જણાવ્યું હતું.

બનાસકાંઠા જિલ્લાની થરા નગરપાલિકાની સામાન્ય ચૂંટણીમાં ૧ બેઠક, નગરપાલિકાની પેટા ચૂંટણીમાં દેવભૂમિ દ્વારકા જિલ્લાના સલાયા નગરપાલિકા વોર્ડ નં. ૯ની બક્ષીપંચ મહિલાની ૧ બેઠક, મોરબી જિલ્લાની વાંકાનેર નગરપાલિકાની વોર્ડ નં. ૫ની ૧ બેઠક જ્યારે તાલુકા પંચાયતની પેટા ચૂંટણીમાં અમદાવાદ જિલ્લાના ધોલેરા તાલુકા પંચાયતની પીપળી બેઠક અને બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ તાલુકા પંચાયતની ખોડા બેઠક પર ભાજપાના ઉમેદવારો બિનહરીફ ચૂંટાયા છે.

ડીસામાં 'જાહેર દુષણ' બનેલ હાડકામિલ માલિકોની કાયદાની કોર્ટમાં પીછેહઠ

નાયબ કલેકટર ડો. દિગંત બ્રહ્મભટ્ટે મિલ અન્યત્ર ખસેડવા કર્યો આદેશ : સી.આર.પી.સી. કલમ ૧૩૩માં ટ્રાયલ ચાલ્યા બાદ ચુકાદો સ્થાનિક રહીશો તરફેણમાં આવતા ખુશીનો મહોલ

ડીસા, ૨૮

બનાસકાંઠા ના ડીસામા છેલ્લા ૨૦ વર્ષથી પણ વધુ સમય થી જી.આઈ.ડીસી વિસ્તારમાં હાડકા મિલ ચાલતી હતી જેતે વખતે માનવ વસાહત થી દુર રખાયેલી આ વિશાલ હાડકા મિલ નજીક ધીરે ધીરે રહેણાક સોસાયટીઓ થઈ હતી જેથી હાડકા અને પશુ મૃતદેહો નાં કોહવાયેલા અંગો અને હાડકા મિલ માંથી ભારે દુર્ગંધ ફેલાતા સ્થાનિકો એ અનેકો વાર રજુઆતો કરી તંત્ર ને આ હાડકા મિલ જાહેર દુષણ ફેલાવતી હોઈ બંધ કરવા રજૂઆત કરી હતી, જોકે કોઈ ફળદાઈ પરિણામ ન આવતા આં હાડકા મિલ મામલો નાયબ કલેકટર કચેરીએ તાલુકા સંકલન માં પહોચ્યો હતો, અને તે બાદ નાયબ કલેકટર ડીસાની કોર્ટમાં હાડકામિલ માલિક વિરુદ્ધ સીઆરપીસી ૧૩૩ મુજબ ની ફરિયાદ થઈ હતી, જે ટ્રાયલ પર આવતા નાયબ કલેકટરે પોલ્યુશન કંટ્રોલ બોર્ડ, આરોગ્ય વિભાગ સહીતની ટીમો નું ઓપીનીયન લીધું હતું જેમાં આ હાડકા મિલ "જાહેર દુષણ" ફેલાવતી હોઈ તાત્કાલિક બંધ કરવાનો એસડીએમ ડીસા એ ચુકાદો આપ્યો હતો.

આ અંગેની વિગત જોઈએતો ડીસાની જી.આઈ.ડીસી નજીક આવેલ તિરુમાલા સોસાયટી માં રહેતા મિલનભાઈ પટેલે તેમની સોસાયટી અને અન્ય ગ્રીનસીટી ,સરસ્વતી સોસાયટી,ઉત્સવ બંગ્લોઝ ,સાર્થક બંગ્લોઝ,જલારામ સોસાયટી ,સપ્તઋષિ ,સહીત ની અનેકો સોસાયટીઓમાં નજીક આવેલી બોનમિલ એટલેકે હાડકા મિલ માંથી સતત દુર્ગંધ આવતી હોઈ ,તેમજ પશુ મૃતદેહો નાં સડો થી વાતાવરણમાં પોલ્યુશન ફેલાતું હોઈ ,તથા આ બાબતો થી આ હાડકા મિલ "જાહેર દુષણ" બનેલ હોઈ તેને બંધ કરવા અનેકોવાર સક્ષમ ઓથોરીટી સમક્ષ આધાર-પુરાવા સાથે રજૂઆત કરી હતી, જોકે કોઈ ફળદાઈ પરિણામ ન આવતા આ મામલે તેમને ૨૧ મેં ૨૦૧૬ નાંરોજ ડીસા તાલુકાના લોક સવાદ કાર્યક્રમના અધ્યક્ષ અને રાજ્ય સરકાર ના મંત્રી જયંતીભાઈ કાવડિયા સમક્ષ વિગતે ફરિયાદ કરતા તંત્ર હરકતમાં આવ્યું હતું ,અને તેબાદ આ મામલે ડીસાના નાયબ કલેકટર અને સબ ડીવીજનલ મેજીસ્ટ્રેટ ડો,દિગંત બર્મભટ્ટ દ્વારા હાડકા મિલ માલિક વિરુદ્ધ સીઆરપીસી કલમ ૧૩૩ મુજબ "જાહેર દુષણ" ફેલાવવા મામલાની ટ્રાયલ શરુ કરાઈ સુનાવણી રખાઈ હતી, જેમાં પોલ્યુશન બોર્ડ, તથા આરોગ્ય વિભાગ સહીત નાં અધિકારીઓ નાં રીપોર્ટ તથા પુરાવા આધારે આ હાડકામિલ માનવ વસાહત માટે જોખમી અને દુષણ સમાન હોઈ અન્યત્ર ખસેડવા હુકમ કરેલ છે, જેમાં સ્પસ્ટ આદેશ કરાયેલ છે કેબોન મિલ અન્યત્ર ખસેડવી અને વિવાદિત જગ્યાએ થી આ મિલ છ માસના સમયમાં વૈકલ્પિક વ્યવસ્થાએ અન્યત્ર ખસેડવી તેવો હુકમ કરેલ છે, જોકે ઘણા સમયથી ન્યાય ની લડાઈ લડતા બોનમિલ થી પીડિત લોકો ને ન્યાય મળતા તેમના માં ખુશી ફેલાઈ હતી. લાંબી કાનૂની લડત બાદ નો આ ચુકાદો પીડિતો માં આવકાર દાયક બન્યો છે.

ખેડબ્રહ્મામાં ભગવાન જગન્નાથજીની રથયાત્રાની તૈયારીઓ પુરજોશમાં

ખેડબ્રહ્મા, તા. ૨૮

ખેડબ્રહ્મામાં રાધા-કૃષ્ણ મંદિરમાંથી ભગવાન જગન્નાથજીની રથયાત્રા છેલ્લા ૨૮ વર્ષથી કાઢવામાં આવે છે. આ વર્ષે પણ ૬ જુલાઈએ પરંપરાગત રીતે રથયાત્રા કાઢવાની તૈયારીઓ પુરજોશમાં ચાલી રહી છે. રથયાત્રાને લઈ નગરમાં લોકોમાં તથા આયોજકોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

ખેડબ્રહ્મા ઠાકોર મંદિર ટ્રસ્ટ તથા રાધા-કૃષ્ણ મંદિર ઉત્સવ સમિતિ દ્વારા ભગવાન જગન્નાથની રથયાત્રાનુંછેલ્લા ૨૮ વર્ષથી આયોજન કરવામાં આવે છે. આ વર્ષે પણ તા. ૬ જુલાઈને બુધવારે ભગવાન જગન્નાથજી, ભાઈ બલભદ્ર તથા બહેન શુભદ્રા સુંદરરથમાં બિરાજમાન થઈ નગર પરિક્રમાએ નીકળશે. ખેડબ્રહ્મામાં આયોજકોદ્વારા રથયાત્રાની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. રથયાત્રાના માર્ગમાં જાંબુ અને મગનોપ્રસાદ વહેંચવામાં આવશે. જેમાં મગની સફાઈનું કામ ગોપી મંડળની બહેનો ભાવપૂર્વક નિભાવી રહી છે.

ખેડબ્રહ્મામાં રથયાત્રાના માર્ગમાં ભાવિકભક્તોદ્વારા ઠેર ઠેર ભગવાનનું સ્વાગત કરવામાં આવશે અને સેવાભાવી ભક્તો દ્વારા ઠેર ઠેર આઈસ્ક્રીમ-ઠંડા પીણા, શરબત, સેવ-ગાંઠીયા તથા ઠંડા પાણીના સ્ટોલ લગાવવામાં આવે છે. રથયાત્રા હસમુખલાલ તુલસીદાસ મોદીના નિવાસસ્થાને વિસામો કરે છે. જ્યાં ભગવાનની પૂજા-આરતી, મામેરૂ તથા મહાપ્રસાદનુંઆયોજન કરવામાં આવે છે. રથયાત્રા દરમિયાન ખેડબ્રહ્મા પોલીસ દ્વારા ચૂસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવે છે. ઠાકોર મંદિરના ટ્રસ્ટીઓ-ઉત્સવ સમિતિના સભ્યો તથા ગોપી મંડળની બહેનો દ્વારા રથયાત્રાની તૈયારીઓને અંતિમ ઓપ અપાઈ રહ્યો છે.

● ખેડબ્રહ્મા રથયાત્રાની ખાસ વિશેષતા

ખેડબ્રહ્મામાં રથયાત્રાના વિસામા માટે હસમુખલાલ તુલસીદાસ મોદી આજીવન દાતા છે. ભગવાન જગન્નાથજી જેઠ વદ-૧૧ના રોજ મોસાળમાં પધારે છે જે અમાસના દિવસે નિજ મંદિરમાં વાજતે ગાજતે પરત આવે છે.

ભિલોડામાં નિઃશુલ્ક કોમ્પ્યુટર ક્લાસનો શુભારંભ

ભિલોડામાં વનબંધુ કલ્યાણ યોજના હેઠળ આદિજાતીના વિદ્યાર્થીઓ માટે નિઃશુલ્ક કોમ્પ્યુટર ક્લાસીસનો શુભારંભ યોજાયો.વનબંધુ કલ્યાણ યોજના હેઠળ સંકલિત આદિજાતિના વિકાસ અર્થે દેવકિશન કોમ્પ્યુટર પ્રા.લી.ભિલોડા ટી.ડી.ઓ.જે.બી.મોડીયાના વરદ્ હસ્તે ઉદ્ઘાટન સમારંભ યોજાયો હતો.આ પ્રસંગે વિશાલભાઈ શુકલ,જિગ્નેશ ડામોર,ભરત ઠાકોર,રવિન્દ્ર ઠાકોર,દેવકિશન કોમ્પ્યુટર ક્લાસીસનો સ્ટાફ પરીવાર,વિદ્યાર્થીઓ સહિત અગ્રણી આગેવાનો,સામાજીક કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.ગુજરાત રાજ્ય સરકારની યોજના વનબંધુ કલ્યાણ યોજના હેઠળ એસ.ટી.વિદ્યાર્થીઓ જેવા કે બી.પી.એલ.લાભાર્થીના સ્કોરમાં ૦ થી ૨૦ ના ગુણાંકમાં આવતા વિદ્યાર્થીઓને કોમ્પ્યુટર ક્લાસીસમાં નિઃશુલ્ક પ્રવેશ આપવામાં આવશે તેમ જાણવા મળેલ છે.

પ્રસ્તાવ લવાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ફાળવવામાં આવે છે તે વધારીને પણ રૂ. ૧૦ લાખ કરવાનો નિર્ણય લેવામાં આવનાર છે.

આ ઉપરાંત સભ્યોએ જે ૨૦૧૫-૧૬ માં સૂચવેલા વિકાસ કામો હતા તેમાં જે કામો માર્ચ-૧૬ સુધીમાં પૂર્ણ કરવાની મુદત હતી તેમાં પણ ડિસે. ૧૬ સુધીની મુદતમાં વધારો કરવાનો નિર્ણય લેવાશે.

પંચાયત પ્રમુખ રામાજી ઠાકોરે જણાવ્યુ હતુ કે વિકાસ એ અમારૂ લક્ષ્ય છે. સરકાર વિકાસની વાતો કરે છે પણ વિકાસના કામો માટે નાણાં છુટી કરતી નથી રાજકીય દ્વેષભાવ રાખી રહી હોવાનો પણ તેમણે આક્ષેપ કર્યો હતો.

રેલીમાં જશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

થઈ અમદાવાદના ખાનપુર સ્થિત જે.પી. ચોક પહોંચશે.

આ આગેવાનોએ જણાવ્યુ છે કે છેલ્લા એક સપ્તાહથી પક્ષ દ્વારા યોજાઈ રહેલા મોંઘવારી વિરોધી આંદોલનને જનતાએ ભારે સમર્થન આપ્યુ છે. મોંઘવારી અંગે ભાજપની પ્રદેશ કારોબારીમાં કેમ પ્રસ્તાવ પસાર ના થયો તેને લઈ પણ તેમણે આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું.

ગાંધીનગર જિલ્લા પંચાયતના કોંગ્રેસના ચૂંટાયેલા તમામ સભ્યો પણ આ પરંપરાગત વાહનયાત્રામાં જોડાવાના છે તેવી જાહેરાત પંચાયત પ્રમુખ રામાજી ઠાકોરે કરી છે. તેમણે જણાવ્યું હતું કે જિલ્લાના સભ્યો તેમના વિસ્તારના ૫૦ જેટલા કાર્યકરો સાથે આ યાત્રામાં જોડાશે.

જિલ્લા અને શહેર સમિતિના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ૭૦થી વધુ બળદગાડા અને ઊંટલારીઓ તપોવન સર્કલથી જશે જ્યારે કલોલ પંથકના કાર્યકરો વિસતથી જોડાશે. જેઓ અડાલજ અને ઝુંડાલ થઈ ચાંદખેડાના રસ્તે આવશે.

સુવિધા નથી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ પછી તેમણે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની મુલાકાત લેતાં ત્યાં ગંદકી જોઈ તંત્ર પર નારાજગી વ્યક્ત કરી તેમની હાજરીમાં સફાઈ કરાવડાવી હતી.

પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં પ્રસુતિના કેસોની સંખ્યામાં વધારો થાય તે માટે તંત્રના અધિકારીઓને તાકીદ કરતાં જણાવ્યું હતું કે સેવાઓ ગુણવત્તાસભર બનાવો સારા પરિણામ આપોઆપ મળશે.

તેમણે ગ્રામ પંચાયતને પણ વેરા વસુલી પર વધુ ધ્યાન આપવા આગ્રહ કર્યો હતો.જિલ્લામાં અત્યાર સુધીમાં સાત ગ્રામ સંવાદ સેતુ કાર્યક્રમો થયા છે. આજે દહેગામના આંત્રોલી ખાતે પણ આવો જ કાર્યક્રમ યોજાયો હતો.

ગ્રામ સંવાદ સેતુના આ કાર્યક્રમમાં એસટી, યુજીવીસીએલ અને આરોગ્યની સેવાઓના પ્રશ્નો વધુ આવ્યા હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

રોપા ઉછેર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગાંધીનગર શહેરની ગ્રીનસીટીની ઓળખ ભુસાવા તરફ હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. ત્યારે નગરમાં વધતી વૃક્ષ છેદનની પ્રવૃતિના લીધે પ્રકૃતિ પ્રમીઓમાં નારાજગી વ્યાપી છે. વિકાસના અનેકવિધ પ્રોજેકટોની સાથે વિસ્તરતા જતા રોડનેટવર્કના લીધે સંખ્યાબંધ વૃક્ષોનો ભોગ લેવાયો છે. ત્યારે નવા વૃક્ષો ઉછેરવાના મામલે પણ યોગ્ય જાળવણીનો મુદ્દો મુખ્ય બનતા રોપાઓનુ બાળમરણ થતુ હોવાથી પ્રકૃતિપ્રમીઓમાં ચિંતા પ્રવર્તી છે. શહેરમાં છેલ્લા દોઢ દાયકા દરમિયાન હરિયાળીનો સોથ વળી ગયો છે. ત્યારે વૃક્ષ ઉછેરની પ્રવૃતિમાં પણ ઘટાડો થયો હોવાનુ ધ્યાને આવ્યુ છે. ગાંધીનગરની નર્સરીમાં પણ વૃક્ષોના ઉછેરમાં નોંધપાત્ર ઘટાડો થયો હોવાનુ સ્પષ્ટ થયુ છે.

ગાંધીનગર રેન્જની ચાર નર્સરીમાં ગત વર્ષ દરમિયાન ૨૨ લાખ રોપાઓ ઉછેરવામાં આવ્યા હતા. સુત્રોના જણાંવ્યા મુજબ વન તંત્રને એક રોપા દિઠ માત્ર એક થી ૧૫ રૂપિયા મળે છે. જયારે તેને ઉછેરવા માટે ૧૫ ગણો ખર્ચ થાય છે. આ વખતે વન તંત્રની ચાર જેટલી નર્સરીમાં માત્ર ૬.૮૦ લાખ રોપાઓ જ ઉછેરવામાં આવ્યા છે. જેમાં ગત વર્ષની સાપેક્ષમાં ત્રણ ગણો ઘટાડો નોંધાયો છે. રોપા ઉછેરની પ્રવૃતિમાં ઘટાડા પાછળ બજેટનુ કારણ પણ જવાબદાર હોવાનુ મનાઈ રહયુ છે. જયારે જગ્યાના અભાવ વચ્ચે નાગરિકોમાં પણ રોપાઓની વાવણીમાં ઉદાસીનતા જોવા મળે છે.